| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૪/૧૦/૨૦૨૩ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૮૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૪૧૪ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૯ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૩૫૫ બીયરટીન અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૯૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## બેગ ખેંચી ઝુંટવી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૧૬૯૧/૨૦૨૩

**ખાડીયાઃ** સુજય સ/ઓ તપન બેરા (ઉ.વ.૨૪)(રહે.પહેલા માળે, રૂપાસુરચંદની પોળ, મદનગોપાલ હવેલી રોડ, માણેકચોક મુળવતન ગામ-કોતાઇ, પોસ્ટ ઓફીસ-દેઉલગ્રામ, થાના-બાગનાન, કાસરાકોતાઇ, જીલ્લા-હાવડા, પશ્ચિમ બંગાળ) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૦/૨૦૨૩ સાંજના ૪/૪૫ વાગ્યાના સુમારે સુજય બેરા નાઓ માણેકચોક રૂપાસુરચંદની પોળ ખાતે આવેલ પોતાના શેઠની દુકાને થી સોનાની એન્ટીક ડીઝાઇનવાળી માળા નંગ-૧૦ તથા સોનાના એન્ટીક ડીઝાઇનવાળા પેંડલ નંગ-૧૦ કુલ કિંમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- લઇ રતનપોળ ખાતેની સોનીની દુકાને આપવા સારૂ નિકળેલ હતા દરમ્યાન “ગીગોલ મોબાઇલ કવર એન્ડ મોબાઇલ એસેસરીઝ”ની દુકાન ફુવારા થી આગળ “માચીસવાલા” નામની દુકાન નજીકથી ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષે ભેગામળી સુજય બેરાને “ભદ્રકાળી મંદિર ક્યા આવેલ છે?” તેમ પુછી સુજય બેરાની નજર ચુકવી તેમના ખભે ભરાવેલ સાઇડ બેગ કે જેમાં સોનાની માળા અને પેન્ડલ મુકેલ હતા તે બેગ હાથમાંથી ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૯૨/૨૦૨૩**

**ચાંદખેડાઃ** ક્રિષ્ણાબહેન ડો/ઓ પ્રકાશભાઈ પટણી (ઉ.વ.૧૫)(રહે.સરસ્વતીનગર IOC રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૩ સાંજના ૪/૦૦ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમા પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**બોડકદેવઃ** પ્રીયંકાબહેન ડો/ઓ રાજુભાઈ દંતાણી (ઉ.વ.૨૬)(રહે.થલતેજ ગામ મલાવ તળાવ બળીયાદેવ મંદીરની સામે) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૦/૨૦૨૩ સાંજના ૪/૨૫ વાગ્યા પહેલા પોતાના મકાનમા છત સાથે લગાવેલ લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નિર્મળસિંહ ચંદ્રસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી